# અહેવાલ

તા.૨૬/૧૧/૨૦૨૦

વિષય :- 'સદ્દભાવના દિવસ' અને 'ભારતીય બંધારણ દિવસની' ઉજવણી કરવા બાબત.

સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજ ખેરગામ, તા.ખેરગામ. જિ.નવસારી ખાતે કોલેજની IQAC સમિતિ અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) તથા "એક ભારત શ્રેષ્ઠ ભારત ક્લબ"ના સયુંકત ઉપક્રમે આચાર્યશ્રી ડૉ.એસ.એમ.પટેલ સાહેબના અધ્યક્ષપણા હેઠળ "ભારતીય બંધારણ દિવસ-૨૦૨૦" અને તા.૨૫/૧૧/2020 સદ્દભાવના દિવસ નિમિત્તે તા.૨૬/૧૧/૨૦૨૦ને ગુરૂવારના રોજ અત્રેની કોલેજ દ્વારા "The Constitution and Communal Harmony" વિષય પર ઓનલાઈન વ્યાખ્યાનનું ગૂગલમીટનાં માધ્યમથી આયોજન કરવામાં આવ્યુ હતુ. સંસ્થાના આચાર્યશ્રીએ પ્રસંગોચિત ઉદ્દબોધન કરી બંધારણ દિવસની શુભકામના પાઠવી કાર્યક્રમનો દોર નેશનલ ઈન્ટેલેકચ્યૂઅલ ચીફ, સમતા દલ, નાગપુરના એડવોકેટશ્રી પ્રકાશ દાર્શનિકને સોપ્યો હતો. તેઓએ ઉપરોકત વિષય સંદર્ભે બંધારણની રચના, વિવિધ આર્ટીકલ અને તેનો ખ્યાલ સચોટ અને સરળ ભાષામાં આગવી શૈલીમાં રજૂ કર્યો હતો. તેમજ સાંપ્રદાયિક સદ્દભાવના વિષયની ચર્ચા કરતા જણાવ્યુ હતુ કે "માનવતા ઉપર અતૂટ વિશ્વાસ હોવો ખૂબ જરૂરી છે, આપણે આપણા ધર્મની સાથોસાથ અન્ય ધર્મનો પણ આદર કરી એની ગરિમાને જાળવીશું. શિક્ષણ અને વિજ્ઞાનને સાથે લઈને સૌના સાથ અને સહકારથી સૌના માન અને સન્માન જાળવીને વિકાસની દિશામાં અગ્રેસર રહેવા માટે ખાસ ભાર મૂકવો જોઇએ" તેવું તેમના મંતવ્યમાં જણાવ્યું હતું. વિશ્વબંધુત્વ અને સમાનતાના ખ્યાલને સ્પષ્ટ કરી તેમજ સૌનેસાથે રાખવાની તેમની વાત હ્રદયગ્રાહી હતી. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે IQAC/NAAC કૉ-ઑડિનેટર શ્રી ધર્મરાજભાઈ તથા રાષ્ટ્રીય યોજના (N.S.S.) ના પ્રોગ્રામ ઑફિસર શ્રી સુનિલભાઈ એમ.જાદવ, પ્રા.યોગેશ એન ટંડેલ તથા સ્ટાફગણે સાથ સહકાર પૂરો પાડ્યો હતો. આ સાથે જ ભારતમાં શ્વેતક્રાંતિના જનક એવા ડૉ.વર્ગીસ કુરિયનની ૯૯મી જન્મ જયંતિના અવસરે ભારતના ડેરી ઉદ્યોગમાં અમૂલ્ય ફાળો આપનાર આ દૂરંદેશી માનવીએ હજારો લોકોને રોજગારી, શિક્ષણ અને તંદુરસ્તી પૂરી પાડી છે. તેમજ છેવાડાનાં માનવીનો વિકાસ કરી રાષ્ટ્રનિર્માણમાં પોતાનું યોગદાન આપ્યુ છે. એવા ડૉ. કુરિયનને આજના દિવસે સ્મરણ કરી આપણે આત્મનિર્ભર અને સશક્ત બનીએ તેવુ કાર્યક્રમના સંચાલન પ્રસંગે IQAC/NAAC કૉ-ઑડિનેટર શ્રી ધર્મરાજભાઈ ટેંભરેએ જણાવ્યું હતુ. અને આંકડાશાસ્ત્રના પ્રા.જિગરકુમાર વી.પરમારે સૌનો આભાર વ્યકત કર્યો હતો.

ARTS & COMMERCE COLLEGE

Principal,
Government Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.

Scanned with OKEN Scanner

દિવ્ય ભાસ્કર નવસારી 28-11-2020

# ખેરગામમાં સદભાવના અને ભારતીય બંધારણ દિવસની ઉજવણી કરાઇ

**ખેરગામ |** ખેરગામ કોલેજની IQAC સમિતિ અંતર્ગત રાષ્ટ્રીય સેવા યોજના (N.S.S.) તથા 'એક ભારત શ્રેષ્ઠ ભારત ક્લબ'ના સયુંકત ઉપક્રમે આચાર્ય ડૉ.એસ.એમ.પટેલના અધ્યક્ષપદે "ભારતીય બંધારણ અને સદભાવના દિવસ નિમિત્તે "The Constitution and Communal Harmony' વિષય પર ઓનલાઈન વ્યાખ્યાનનું આયોજન કરવામાં આવ્યુ હતુ. આચાર્યએ પ્રસંગોચિત ઉદ્દબોધન કરી બંધારણ દિવસની શુભકામના પાઠવી કાર્યક્રમનો દોર નેશનલ ઈન્ટેલેક્ચ્યૂઅલ ચીફ, સમતા દલ, નાગપુરના એડવોકેટ પ્રકાશ દાર્શનિકને સોપ્યો હતો. તેઓએ ઉપરોક્ત વિષય સંદર્ભે જણાવ્યું કે "માનવતા ઉપર અતૂટ વિશ્વાસ હોવો ખૂબ જરૂરી છે, આપણે આપણા ધર્મની સાથોસાથ અન્ય ધર્મનો પણ આદર કરી એની ગરિમાને જાળવીશું. શિક્ષણ અને વિજ્ઞાનને સાથે લઈને સૌના સાથ અને સહકારથી સૌના માન અને સન્માન જાળવીને વિકાસની દિશામાં અગ્રેસર રહેવા માટે ખાસ ભાર મૂકવો જોઈએ.

image 19 of 30

GOVT. ARTS & COMM. COLLEGE KHERGAM

Principal
Govt. Arts & Commerce College
KHERGAM, Dist. Navsari.
Code No. : 630

Scanned with OKEN Scanner